R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-26 • ISSUE: 10 DATE: 11-03-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## લોકસભાએ મહિલાઓ માટે ૨૬ સપ્તાહની મેટરનીટી લીવનું બીલ પસાર કર્યુ

મહિલાઓને લાભ આપતું મેટરનીટી બીલ લોકસભાએ પસાર કર્યુ હતું. અત્યાર સુધીમાં મેટરનીટી લીવ ફકત ૧૨ સપ્તાહની હતી અને હવેથી મેટરનીટી માટેની રજાઓ ૨૬ સપ્તાહ સુધીની મળશે.લોકસભામાં વોઈસ વોટથી આ બિલ પસાર કરી દેવાતાં દેશની ૧૮ લાખ કામકાજી મહિલાઓને તેનો લાભ મળશે. આ નવો કાયદો દસથી વધુ કર્મચારીઓ જ્યાં કામ કરતાં હશે તેવા એસ્ટાબ્લીશમેન્ટમાં લાગુ પડશે અને ફક્ત બે બાળકો માટે તેનો લાભ મળી શકશે.મેટરનીટી બેનીફીટ(એમેન્ડમેન્ટ) બીલ ૨૦૧૬ અગાઉ રાજ્યસભામાં પસાર કરી દેવામાં આવ્યુ છે.કેનેડામાં મહિલાઓને ૫૦ જ્યારે નોર્વેમાં ૪૪ સપ્તાહની મેટરનીટી લીવ આપવામાં આવે છે.અગાઉના કાયદામાં સુધારો કરતાં શ્રમ મંત્રી બંડારુ દત્તાત્રયે કહ્યુ કે નવા નિયમો ઘડતી વખતે તેમને એ વાતની ખાત્રી રાખી છે કે તેનાથી પ્રેગ્નન્ટ મહિલાઓને સૌથી વધુ લાભ મળે.મહિલાઓને આ મારી નમ્ર ભેટ છે.

## મણિપુર મધર્સ દ્વારા લશ્કરને વધુ પડતી સત્તાઓ આપતાં AFSPA ના કાયદાને નાબુદ કરવા ઇમ્ફાલ ખાતે નિવસ્ત્ર પ્રદર્શન કર્યું હતું

આસામ રાઈફલ્સના જવાનોએ કરેલી બળાત્કારની ઘટનાના ૧૩ વર્ષ પછી પણ આ મુદ્દે રાજ્યમાં હજુ આક્રોશની લાગણી છે.૩૨ વર્ષની યુવતી પર કરાયેલા બળાત્કાર બાદ મધર્સ ઓફ મણિપુર નામની મહિલાઓએ આર્મીને વધુ પડતી સત્તાઓ આપતાં આફસ્પા કાયદાને નાબુદ કરવા માટે રાજધાની ઈમ્ફાલમાં નિવસ્ત્ર પ્રદર્શન કર્યુ હતું.ઘટનાના ૧૩ વર્ષ પછી પણ તેમણે આ મુદ્દે પોતાની લડત ચાલુ રાખી છે.૧૫ જુલાઈ ૨૦૦૪ના રોજ ૧૨ જેટલી વયસ્ક મહિલાઓએ ઈમ્ફાલના ઐતિહાસિક કાંગલા ફોર્ટની આગળ આસામ રાઈફલ્સના કેમ્પની સામે કમ ઈન્ડીયન આર્મી રેપ અસ પ્લેકાર્ડ સાથે વિરોધ પ્રદર્શન કર્યુ હતું.ન્યાય મેળવવા ચાલી રહેલ લડતને સરકારો મુંગી બની જોઈ રહી છે.

## અમેરિકાના નવા ચુંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની નવી નીતિઓ સામે જન આક્રોશ વધી રહ્યો છે જેથી ટ્રમ્પ સામે ઇમ્પીચમેન્ટ થઇ શકે છે

અમેરિકાના નવા ચુંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને હજુ એક મહિનાનો સમય પુરો થયો નથી અને સત્તાના સુત્રો હાથમા આવ્યા નથી ત્યાં સુધીમાં વૈશ્વીક સ્તરે અટકળો શરુ થઈ ચુકી છે કે તેમને પદભ્રષ્ટ કરવાની સેનેટમાં દસખાસ્ત આવશે ? શું તેઓ સૌથી ઓછા કાર્યકાળમાં પદભ્રષ્ટ થનાર સર્વ પ્રથમ રાષ્ટ્રપતિ બની જશે ?

ડોનાલ્ડ ટ્રમ્પને સત્તા પરથી હટાવવા માટેની એક કવાયત શરુ થઈ ચુકી છે.કેલીફોર્નિયાની રિચમંડ સીટી કાઉન્સીલે સર્વસંમતિથી અમેરિકી સંસદને હાકલ કરી છે કે તેઓ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવવા માટે પ્રયાસ શરુ કરે.

કેલીફોર્નીયાના સભ્ય ગેલ મેકલાઘલિને આ દરખાસ્તને આગળ ધપાવતાં દલીલ કરી છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પનો બિઝનેસ સંપુર્ણ વિશ્વમાં ફેલાયેલો છે.અને જેની સંપુર્ણ વિગતો આપવાની તેમણે મનાઈ કરી છે.બંધારણ અને કાયદા મુજબ આ પુરતુ કારણ છે કે સંસદ તેમની સામે ઈમ્પીચમેન્ટ પ્રસ્તાવ લાવવા માટે પુર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાની સામે ઈમ્પીચમેન્ટની ચર્ચા બીજા કાર્યકાળ અને છઠ્ઠા વર્ષે શરુ થઈ હતી અને તે અગાઉ જયોર્જ બુશને આખરી દિવસોમાં તેમને હટાવવાની ચર્ચાએ જોર પકડ્યુ હતું.

અમેરિકી બંધારણમાં આપવામાં આવેલી જોગવાઈ મુજબ જો ચુંટણી થઈ ગયા બાદ કોઈ રાષ્ટ્રપતિ માનસિક સ્થિતિ ગુમાવી દે, પોતની સરકારને કોઈ ભ્રષ્ટાચાર કે દમનમાં ઝોંકી દે અથવા વિદેશી શક્તિઓના વિશ્વાસને ઠેસ પહોચાડે તો તેને ખુરશીમાંથી હટાવી દેવાનું અમેરિકાના હિતમાં છે.

હવે અમેરિકાના બંધારણમાં પ્રમુખના ઈમ્પીચમેન્ટ માટે આપવામાં આવેલી તમામ શરતોમાંથી લગભગ તમામ શરતો પર ડોનાલ્ડ ટ્રમ્પ પર આરોપ મુકી શકાય તેમ છે.આ આરોપોમાંથી કોઈ એક પણ સાચું નીકળે તો અમેરિકી સંસદમાં નવા રાષ્ટ્રપતિને ઈમ્પીચ કરવાની પ્રક્રીયા શરુ કરાશે.

ટ્રમ્પે પ્રમુખપદે આરુઢ થયા બાદ સહુ પ્રથમ સાત મુસ્લીમ દેશોમાંથી આવતા વસાહતીઓને રોકી કાઢ્યા છે.પરિણામે વિશ્વમાંથી અમેરિકામાં વસવાટ કરવા માટે આવી રહેલા મુસ્લીમ દેશોના નાગરિકોને માટે યુએસ વિઝા મેળવવા મુશ્કેલ બની ગયા છે.આ ઉપરાંત અન્ય એશીયન દેશોના અમેરિકામાં વસવાટ કરતા ગેરકાયદેસરના વસાહતીઓ માટે ભારે મુશ્કેલી ઉભી થઈ છે. આ વસાહતીઓ માટે પાછા ફરવાનો સંકેત આપી દેવાયો છે.જેના કારણે અમેરિકામાં કેટલીક ધનાઢ્ય લોબી જેમણે ટ્રમ્પને ચુંટણીમાં ફંડો આપ્યા હતા અને ભારે મદદ કરી હતી તેઓ મુશ્કેલીમાં મુકાયા છે.અમેરિકામાં ગેરકાયદેસર રીતે વસતા ભારતીયોની સંખ્યા પણ ખુબજ મોટા પ્રમાણમાં છે.આ લોબીએ પણ ભારે રાજકીય લોબીંગ કરીને આવા નિર્ણયો અટકાવવા પ્રયત્નો શરુ કર્યા છે. પરંતુ ટ્રમ્પના નિર્ણયોમાં ડખલ કરી શકાશે કે કેમ તે કહેવું કવેળાનું છે.

## સૌરાષ્ટ્રના દરિયા કિનારા પર ૪૦ પોર્ટ વિકસાવવા ૪૫ હજાર કરોડનું રોકાણ કરાશે : માછીમારી અને દરિયાઇ પટ્ટીના વિકાસ માટે વડાપ્રધાનની જાહેરાત



સોમનાથ ટ્રસ્ટની મીટીંગમાં હાજરી આપવા પધારેલા વડાપ્રધાન મોદીએ જાહેર સભાને સંબોધતા સૌરાષ્ટ્રના માછીમારો અને દરિયાઈ પટ્ટીના વિકાસ માટે કેટલીક જાહેરાતો કરી હતી.ગરીબ માછીમારોને બોટ ખરીદવા માટે ૫૦ ટકા સબસીડી આપવામાં આવશે. ઉપરાંત બ્યુ રેવોલ્યુએશન લાવવા દરિયાઈ ખેતી વિકસાવવાની વાત કરી હતી.ઓખાથી બેટ દ્વારકા વચ્ચે રુ.૫૦૦ કરોડના ખર્ચે આઈક્રોનિક બ્રિજ બનાવવામાં અને કંડલા બંદરે ૧૪૦૦ એકરમાં સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ પોર્ટ સીટી બનાવવાની વાત કરી હતી.

વડાપ્રધાન મોદીએ કહ્યુ હતું કે રુ. ૮ લાખ કરોડના ખર્ચથી દેશના ૪૦૦ પોર્ટ ફીશીંગ સ્થળો વિકસાવવામાં આવશે.જેમાં ગુજરાતમાં રુ.૪૫ હજાર કરોડથી ૪૦ બંદરોનો વિકાસ કરાશે.તેમાંથી ૧૮ પોર્ટને આધુનિક બનાવવામાં આવશે.૧૧ પોર્ટની રેલ્વે માર્ગ, એર કનેક્ટીવીટી વધારવામાં આવશે.૭ પોર્ટ વિસ્તારોમાં ઔધ્યોગિક વિસ્તારો ડેવલપ કરવામાં આવશે.જ્યારે ચાર પોર્ટને કોસ્ટલ કોમ્યુનીટી ડેવલપમેન્ટ પ્લાન હેઠળ આવરી લેવાશે. કંડલા પોર્ટ સીટી બનતાં ૫૦ હજાર રોજગારીની તકોનું નિર્માણ થશે.

બ્લુ રેવોલ્યુએશન બાબતે તેમણે કહ્યુ હતું કે શેવાળ જેવી દરિયાઈ વનસ્પતિઓ અને કેટલીક માછલીઓના ઉછેર માટે આંધ્ર પ્રદેશની જેમ ગુજરાતના દરિયાઈકાંઠાના વિસ્તારોમાં દરિયાઈ ખેતી વિકસાવાશે.એનો અર્થ એવો પણ કરી શકાય કે ઝીંગા માછલીના ઉત્પાદન માટે વધુ તકોનું નિર્માણ થશે.સૌથી મોટો એકસપોર્ટનો ધંધો નવા પોર્ટો દ્વારા થઈ શકે છે.

સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયા કાંઠાના વિસ્તારોમાં વસતા અને માછીમારીના ધંધા ઉપર નભતા નાના અને મોટા માછીમારો માટે વડાપ્રધાનની જાહેરાતોએ ખુશાલી લાવી દીધી હતી. હવે વડાપ્રધાને કરેલી જાહેરાતો મુજબ તેમનો એજન્ડા કામ કરે તે જોવાનુ રહ્યું.માંસ મદિરાની આભડછેટ ધરાવતી વૃત્તિવાળા સત્તા પર બેઠેલા રાજકારણીઓને વડાપ્રધાનની જાહેરાત કેટલી અનુકુળ આવે છે તે જોવાનું રહ્યું.

ગુજરાતમાં સહુ પ્રથમ વાર જાહેરમાં દરિયાઈ ખેતી માટે સત્તા પર બેઠેલા અધિકૃત નેતાએ કરેલી જાહેરાત અમુક કોમના લોકોને પસંદ નહી આવે પરંતુ દેશના વિકાસ માટે જે તકો પુરી પાડી શકાય તે માટે પાછી પાની કરી શકાય નહી. ગુજરાતનો સૌથી વિશાળ અને સમૃધ્ધ દરિયા કિનારો છે અને તેના દરિયા કિનારા પર માછીમારીનો પરંપરાગત રીતે મોટા પ્રમાણમાં વ્યવસાય ચાલે છે.માછલી ઉત્પાદનનું સૌથી મોટુ પ્રમાણ નિકાસ થાય છે. આ ઉપરાંત સુકી માછલીનો બહુ મોટો વેપાર સૌરાષ્ટ્રમાં ચાલે છે.જેનાથી નાના માછીમારોને પોતાનુ જીવન ગુજરાન ચાલે છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

ભારત દેશમાં ગુજરાત રાજ્યને કુદરતી સંપત્તિ તરીકે વિશાળ દરિયા કિનારો ઉપલબ્ધ છે.ભુતકાળમાં તેના બંદરો આયાત નિકાસ માટે જાણીતા હતા પરંતુ તેનો વિકાસ થયો નહોતો.લાકડાના વહાણો દ્વારા દેશ વિદેશમાં વેપારીઓની આવનજાવન રહેતી હતી.પરંતુ મોટા બંદરોનો વિકાસ થતાં આયાત નિકાસનો વેપાર વધ્યો.પરંતુ મોટાભાગની ગુજરાત દરિયાકાંઠાના વિસ્તારોમાં વસતો લોકસમુદાય માછીમારી જેવા ધંધા પર નભતો હતો.માછીમારીના ધંધાના વિકાસ માટે સરકારે જોઈએ તેવા સમયસર પગલાં લીધા નહી તેના કારણે માછીમારીના ધંધાનો જોઈએ તેટલો વિકાસ થયો નહી, સાથે સાથે બંદરોનો પણ વિકાસ થયો નહી. કચ્છનું એકમાત્ર બંદર કંડલા જેનો વિકાસ થયો. ત્યારબાદ ખાનગી ક્ષેત્રના આવવાથી મુદ્રા અને પીપાવાવ જેવા બંદરો બન્યા. પરંતુ હજુ એવા કેટલાય કુદરતી બંદરો જે જેનો વિકાસ થાય તો ગુજરાતના વિકાસમાં તે હરણફાળ ભરી શકે.

તાજેતરમાં સોમનાથની મુલાકાતે આવેલા વડાપ્રધાને ગુજરાતના બંદરો અને માછીમારીના વિકાસ માટેના આયોજનોની જાહેરાત કરી છે. પરિણામે બંદરો અને તેની આસપાસ ઉભા થનારા ઉદ્યોગોને કારણે રોજગારીની તકો વધશે. તેમજ નાના માછીમારોને સુવિધાઓ મળતાં તેમનો પણ વિકાસ શક્ય બનશે.ગુજરાત સરકાર તેમાં વધુ સક્રિય બનશે તો ઝડપથી આ દિશામાં કાર્યવાહી થતાં સમગ્ર દરિયાઈ પટ્ટીનો વિકાસ શક્ય બનશે.

## મંતવ્ય

અમેરિકામાં નવા ચુંટાએલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની નવી નીતિઓને કારણે ભારતીયોમાં અસલામતીની ભાવના ઉભી થઈ છે.ગેરકાયદેસર વસતા લોકો માટે તો ખરાબ સમાચારો છે જ પરંતુ જે રીતે નવા નિયમો બહાર પડાઈ રહ્યા છે તે પ્રમાણે કાયદેસર રોજગારી મેળવતા લોકો માટે પણ ગંભીર સવાલો ઉભો થઈ રહ્યા છે. બહારના લોકોએ સ્થાનિક લોકોની રોજગારી છીનવી લીધી છે તેવા પ્રકારનો એક પ્રચારે કેટલાક ઝનુની લોકો હિંસક બની રહ્યા છે તેના કેટલાક લોકો ભોગ બન્યા પણ છે.હવે ત્યાં રહેલા ભારતીયો જે ડોલરના મોહમાં અંધ બનીને ત્યા ગયા હતા તેમના માટે ક્યાં જવું તે નક્કી કરવું મુશ્કેલ બની ગયું છે.

અનેક ભારતીયો અમેરિકામાં સીટીઝનશીપ ધરાવે છે. પરંતુ તેમના ધંધા કે નોકરીઓમાં તેઓ ભારતીયો તરીકે જ સ્થાઈ થયેલા છે ભલેને તેઓએ અમેરિકાની કાયદેસરની માન્યતા લીધેલી હોય. ઝનુની લોકોને માત્ર ભારતીયો કે એશિયનો દેખતાં તેમના માટે તિરસ્કાર ભર્યુ વલણ દેખાડાઈ રહ્યુ છે જે ગંભીર ચિંતા ઉપજાવે તેવું છે.હજુ કેટલાય ભારતીય લોકો અમેરિકા જવાની તૈયારીમાં પડ્યા છે જેમાં મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ છે તેમના માટે નક્કી કરવું મુશ્કેલ છે કે આવી સ્થિતિમાં ત્યાં જવું કે કેમ ? અમેરિકાનું વહિવટીતંત્ર ભારતીયોને કેટલે અંશે સલામતી પુરી પાડી શકે તે વિચારવું રહ્યુ. ભારતીય વહીવટી તેત્ર તે માટે શું કરી શકે તે પણ વિચારવું રહ્યું .ભારતીયોની અગ્નિ પરીક્ષા શરુ થઈ રહી છે.

આશિષ વી. પ્રધાન


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## ભારતના દેશદ્રોહ કાયદાની કડક આલોચના આંતરરાષ્ટ્રીય સંસ્થા એમનેસ્ટી ઇન્ટરનેશનલ કરી

બ્રિટન સ્થિત આંતરરાષ્ટ્રીય એનજીઓ એમનેસ્ટી ઈન્ટરનેશનલે ભારતના દેશદ્રોહી કાર્યક્રમની ભારે આલોચના કરી હતી. સંસ્થાનું કહેવુ છે કે ભારત સરકાર વિરોધ કે સરકારી આલોચનાઓને કચડી નાંખવા માટે કાયદાનો દુરપયોગ કરી રહી છે.એનજીઓની વાર્ષિક બેઠકમાં રજુ થયેલા અહેવાલમાં ભારત સરકારની આ મુદ્દે આલોચના કરવામાં આવી હતી. અહેવાલમાં કહેવાયું હતું કે ભારતમાં માનવ અધિકાર કાર્યકર્તાઓ અને પત્રકારોને ખુબજ મુશ્કેલીઓ એટલે સુધી કે હુમલાઓનો સમાનો કરવો પડે છે.તેમના જીવને જોખમ રહે છે. બિનવહીવટી અને વહીવટી તંત્ર એમ બંને તરફથી તેમને ખતરો રહે છે. ભારતના એનજીઓ અને સીવીલ સોસાયટી સંગઠનો પર થયેલી કામગીરીની આલોચના કરવામાં આવી છે.

એજન્સીએ પોતાના અહેવાલમાં જણાવ્યુ હતું કે સિવિલ સોસાયટીને દબાવવા માટે સરકાર એફસીઆરએ કાયદામાં હસ્તક્ષેપ કરીને તેમના ભંડોળ રોકી રહી છે. હકીકતે સીવીલ સંગઠનોને નબળા કરવાનો આ પ્રયાસ છે.

ગૌરક્ષાને નામે થઈ રહેલી ગુંડાગીરી અને હુમલાઓને અહેવાલમાં વખોડવામાં આવ્યા છે.

ગુજરાત,મધ્યપ્રદેશ,હરિયાણા અને કર્ણાટક જેવા રાજ્યોમાં જાતિને આધારિત અને ગૌરક્ષાને નામે થઈ રહેલા હુમલાને મુદ્દે ચિંતા જાહેર કરવામાં આવી છે.વીતેલા બે વર્ષમાં બનેલી ઘટનાઓએ ભારતની આંતરરાષ્ટ્રીય છાપને નુકશાન પહોચાડ્યું છે.૨૦૧૬માં ગુજરાતના ગીર સોમનાથ જિલ્લામાં ૪ દલિતોને એસયુવી કાર સાથે બાંધીને માર મારવામાં આવતા રાજયવ્યાપી વિરોધપ્રદર્શનો યોજાયા હતા.

## મહારાષ્ટ્રની ચુંટણીઓમાં ઇલેક્ટ્રોનીક વોટિંગ મશીનમાં મોટી ગરબડો બહાર આવતાં ખળભળાટ મચી ગયો

મહારાષ્ટ્રમાં તાજેતરમા પુર્ણ થયેલ જીલ્લા પરિષદો અને મહાનગરપાલિકાઓની ચુંટણીઓમાં ઇલેકટ્રોનીક મશીનોમાં મોટી ગરબડો થઈ હોવાનું બહાર આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.ઘણા ઉમેદવારોએ તેમના પરાજય માટે ઈવીએમ મશીનોને જવાબદાર ઠેરવ્યા છે. અને કેટલાકે તો આ અંગે વિધિવત ફરિયાદો પણ નોધાવી દીધી છે !ઈવીએમને કારણે જ કેટલાક ભાજપના ઉમેદવારો જીતી ગયા હોવાની કોંગ્રેસ,શિવસેના,એનસીપી અને મનસેએ ફરિયાદ કરી છે.

મુંબઈના એક અપક્ષ ઉમેદવારને ઝીરો વોટ મળ્યો છે. તેમણે ફરિયાદ કરી છે કે તેમનો અને તેમના પરિવારનો વોટ પણ તેમના ખાતામાં ગયો નથી.૨૩મી ફેબ્રુઆરીએ નાસિકના પંચવટી વિસ્તારમાં ઈવીએમ મશીનમાં ગરબડો સર્જાતા મારામારીના બનાવો બન્યા હતા.આ બેઠક પરથી ભાજપના ઉમેદવારને વિજેતા જાહેર કરવામા આવ્યા છે.

પુણેના એનસીપીના ઉમેદવાર મનીષા મોહિતેને વિજેતા જાહેર કરાયા બાદ એક કલાક પછી પંચના અધિકારીએ તેમને કહ્યુ હતું કે હજુ ઈવીએમ ના એક મશીનની ગણતરી બાકી છે.જે મશીનમાંથી ફક્ત ભાજપના જ વોટ નીકળ્યા હતા.આ વિજેતા પરાજીત જાહેર કરાયા હતા.

## બીએસએફના જવાનનો વધુ એક વિડીયો જાહેર : ફરિયાદી ન્યાય મળવાને બદલે હેરાનગતિ વધી

બીએસએફના જવાનોને અપાતાં હલ્દી ગુણવત્તાવાળા ભોજન બાબતે ફરિયાદ કરનારા બીએસએફના જવાનને ન્યાય મળવાને બદલે હેરાન કરવામાં આવી રહ્યો હોવાના સમાચારો પ્રગટ થયા છે.

આ બીએસએફના જવાને વધુ એક વિડીયો જાહેર કરતા કહ્યુ છે કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી શું તેઓ દેશમાંથી ભ્રષ્ટાચારને દુર કરવાની ઈચ્છા ધરાવે છે ? ત્યારે હુ તેમને પુછવા માંગુ છું કે અન્નની ગુણવત્તા ખરાબ છે તે ફરિયાદ સાચી છે તેમ છતાં આ અંગે કેમ કોઇ પગલાં લેવાયા નથી.આ વિડીયો પોસ્ટ કરવાને માટે તેમના ખાતા તરફથી તેમને હેરાન કરવામાં આવી રહ્યા છે.વડાપ્રધાન ભ્રષ્ટાચાર નાબુદ કરવા માંગે છે માટે મે મારા ખાતામાં ચાલી રહેલ ભ્રષ્ટાચારને ખુલ્લો પાડ્યો છે.શુ ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવા માટે મને હેરાન કરવો તે ઈનામ છે ? મારો ફોન જપ્ત કરી લેવાયો છે. અને તેની મંજુરી વગર તેના સોશ્યલ નેટવર્કિંગ એકાઉન્ટસનો ઉપયોગ કરાયો હતો.જ્યાં સુધી હું મારા વીડીયો થકી સીધી રીતે તમને ન જણાવું ત્યાં સુધી તમે આની પર વિશ્વાસ ન કરશો.તમારી દેશભક્તિ જવાન કસોટીના એરણ પર છે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


## પ્રોઇડંટ ફંડમાંથી તમામ પ્રકારનો ઉપાડ કરવા હવે સિંગલ ફોર્મની વ્યવસ્થા

કર્મચારી ભવિષ્યનિધિ સંગઠન પોતાના ગ્રાહકોને મોટી રાહત આપવા જઈ રહી છે.હવે તમારે પીએફના નાણાંનો ઉપાડ કરવા માટે અલગ અલગ પ્રકારના ફોર્મ ભરવા નહીં પડે. પરંતુ કોઈપણ પ્રકારના ઉપાડ માટે એકજ ફોર્મ ભરવું પડશે. લોન વગેરે લેવા માટે કંકોત્રી જેવા દસ્તાવેજ પણ જોવા નહીં પડે.ભુતકાળમાં પીએફમાંથી અલગ અલગ કારણસર ઉપાડ કરવા માટે અલગ અલગ ફોર્મ ભરવા પડતા હતા. એક પાનું આ ફોર્મ કંપોઝીટ ક્લેમફોર્મ રહેશે.તેનો ઉપયોગ કરવા ગ્રાહકોને દસ્તાવેજોને એટેસ્ટ કે પ્રમાણિત કરવાની જરુર નહી પડે.

જે ગ્રાહકના આધાર અને બેન્કડિટેલ યુનીવર્સલ એકાઉન્ટ નંબર(યુએન) જોડાઈ ચુક્યા હોય તેવા ગ્રાહક નિમણુંક કર્તાના એટેસ્ટેશન વિના સીધા જ ક્લેમ કરી શકશે. જે ગ્રાહકના યુએન સાથે આધાર ડિટેલ ના જોડાઈ હોય તેમણે ફોર્મ ૧૯,૧૦સી કે ૩૧ના સ્થાન હવે કંમ્પોઝીટ ફોર્મ ભરવાનું રહેશે.


## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## ભારતમાં અસહિષ્ણુ લોકોનું કોઇ સ્થાન નથી : પ્રણવ મુકરજી રાષ્ટ્રપતિ

દિલ્હી યુનીવરસીટીની રામજસ કોલેજમાં એનએઆઇએસએ અને એબીવીપીના કાર્યકરો વચ્ચે ચાલી રહેલ હિંસક ઘર્ષણને પગલે વાણી સ્વાતંત્ર્યની લડાઇ બાબતે શરુ થયેલી ચર્ચા વચ્ચે રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ કહ્યુ હતું કે યોગ્ય ટીકા અને વિરોધ દર્શાવવાનો પુરતો અવકાશ મળવો જ જોઇએ.જે લોકો યુનીવરસીટીમાં અભ્યાસ કરી રહ્યા છે તેમણે કોઇ મુદ્દે યોગ્ય ચર્ચા કરવી જોઇએ. હિંસાની સંસ્કૃતિ ન અપનાવવી જોઇએ. વિદ્યાર્થીઓ હિંસા અને અશાંતિ વચ્ચે અટવાઇ ગયા છે જે વિચિત્ર છે.

કેરળના કોચી ખાતે ઇન્ડીયા એટ ૭૦ વિષય પર કે.એસ.રાજામણિ મેમોરિયલ લેકચર આપતાં રાષ્ટ્રપતિએ ભારપુર્વક કહ્યુ હતું કે દરેક ભારતીયને વાણી સ્વાતંત્ર બંધારણમાં આપવામાં આવ્યું છે.અસહિષ્ણુ ભારતીયો માટે દેશમાં કોઇ સ્થાન નથી. તેમણે કહ્યુ હતું કે આપણા ઉચ્ચ શિક્ષણના ઇન્સ્ટિટ્યુટન્સને આધારે તો ભારતે પોતાને એક નોલેજ સોસાયટી બનાવવાની છે.આ શિક્ષણના મંદિરોમાં સર્જનાત્મકતા અને મુક્ત વિચારસરણીનો પડઘો પડવો જોઇએ. રાષ્ટ્રપતિએ સાંસદોને પણ જનતાને હળવાશથી ન લેવાની તાકીદ કરી હતી અને કહ્યુ હતું કે સાંસદોએ પણ જનતાને લગતા કાયદા ઘડવા પડશે અને તેમના મુદ્દા ઉઠાવવા પડશે.

સમાજમાં મહિલા સામે હિંસા અંગે કહેતા મુકરજીએ કહ્યુ હતું કે આપણે જ્યારે મહિલા પર ક્રુરતા આચરીયે છીએ ત્યારે આપણે આપણી સંસ્કૃતિ પર ઘા કરીએ છીએ.

લોકોએ રાજકીય સિસ્ટમમાં જે વિશ્વાસ મુક્યો છે તે જળવાવો જોઇએ અને ચુંટાયેલા સાંસદોને વિશ્વાસઘાત ન કરવો જોઇએ. રાષ્ટ્રીય હેતું અને રાષ્ટ્રવાદ જ આપણા દેશને સાતત્યપુર્ણ પ્રગતિ અને સમૃધ્ધિ તરફ લઇ જઇ શકે છે.

## અમેરિકામાં ગેરકાયદેસર વસવાટ કરનારા ભારતીયોને ડિપોર્ટ કરવાની કામગીરી ઝડપી બનાવવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશથી ત્રણ લાખ ભારતીયોનું ભવિષ્ય અધ્ધરતાલ

અમેરિકાના નવા ચુંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા બીજા દેશોમાથી આવીને અમેરિકામાં ગેરકાયદેસર વસવાટ કરનારા ઇમીગ્રન્ટસે માટે કડક કાયદા અમલમાં મુકવાનને કારણે ભારતીય-અમેરિકન સમુદાયના આશરે ૩ લાખ લોકોને તેની અસર પહોચશે.ટ્રમ્પના શાસનમાં લાખો લોકોને યુએસમાંથી કાઢી મુકવાનું જોખમ તોળાઇ રહ્યુ છે.ટ્રમ્પ સરકાર દ્વારા ગેરકાયદે રહેતા લોકોને હાંકી કાઢવાની પ્રક્રિયા ઝડપી બનાવવાના આદેશ અપાઇ ચુક્યા છે.બિનસત્તાવાર રીતે અમેરિકામાં ૩ લાખથી વધુ ભારતીયો વસવાટ કરે છે જેની પાસે કાયદેસરના દસ્તાવેજો નથી. સરકારે જણાવ્યુ છે કે ગંભીર ગુનાની સાથે સામાન્ય ટ્રાફિક ભંગ કરનારને પણ ડિપોર્ટ કરવામાં આવશે.સરકારી સુત્રોના જણાવ્યા મુજબ અમેરિકામાં ૧.૧૦ કરોડથી વધુ લોકો કાયદેસરના દસ્તાવેજો વગર અમેરિકામાં વસવાટ કરી રહ્યા છે.ઇમીગ્રેશન કાયદાઓનો દુરપયોગ કરનાર અને છટકબારીઓ શોધનારા લોકો પર પણ તવાઇ આવશે.ટ્રમ્પ સરકાર દ્વારા નવી ઇમીગ્રેશન એન્ફોર્સમેન્ટ પોલીસીની જાહેરાત કરવામાં આવી છે. જેનો અમલ કરવાથી યુએસમાં ગેરકાયદે રહેતા લાખો લોકો પર હકાલપટ્ટીની તલવાર તોળાઇ રહી છે.જેના સામે ગુન્હા છે તેમને તુરતજમાં હાંકી કઢાશે.

## ગંગાની સફાઇ માટે ઉમા ભારતીનો જ્વાબ,સફાઇ કામ શરુન થયુ તો ગંગામાં કુદી પડવાનુ વચન

વડાપ્રધાન મોદી પર ચુંટણીના ટાણે કરેલ શાબ્દિક હુમલાનો જવાબ આપતાં કેન્દ્રીય મંત્રી ઉમા ભારતીએ રાહુલને વિનંતી કરતાં કહ્યુ હતું કે જો ગંગાની સફાઇનું કામ શરુ ના થયું તો તેઓ ગંગા નદીમાં કુદી પડશે. ભાજપાના ફાયરબ્રાન્ડ ગણાંતા ઉમા ભારતીએ કહ્યુ હતું કે યુપીના મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને રાહુલ ગાંધી ગંગાના મોટા દુશ્મન છે. તેમણે કહ્યુ હતું કે પાંચ રાજ્યોમા ગંગાનો સફાઇ કાર્યક્રમ શરુ થઇ ગયો છે. પણ જે જિલ્લામાંથી થઇને ગંગા વહે છે તે જિલ્લાઓને યુપી સરકારે નોટીસ પાઠવીને ગંગાસફાઇ અભિયાન માટે એનઓસી ન આપવા કહ્યુ છે. હું આ આદેશની નકલ તમને દેખાડી શકું છું તેવું તેમણે કહ્યુ હતું.

જો કે કેન્દ્રમાં ભાજપની સરકાર બન્યા બાદ ઉમા ભારતીને માત્ર ગંગા સફાઇ કાર્યક્રમ માટે કેન્દ્રીય મંત્રીનો દરજ્જો આપવામાં આવ્યો છે. ગંગા સફાઇનો પ્રથમ તબક્કો ૨૦૧૮માં પુરો થશે પછી બીજો તબક્કો શરુ થશ જો કે જે સમાચારો પ્રસિધ્ધ થયા છે તે મુજબ હજુ સુધી ગંગાની સફાઇનુ કામનો હિસાબ મળ્યો નથી.


### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**


૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


## ઉત્તરપ્રદેશમાં ભારે ઉગ્ર પ્રચાર રેલીઓના આયોજન બાદ ભારતીય જનતા પાર્ટીના નેતાઓમાં બહુમત ન મેળવી શકાય તેવો વિશ્વાસ

ઉત્તરપ્રદેશમાં ચુંટણી સમરાંગણના પડઘમ પુરા થયા અને હવે દરેક પક્ષો પોત પોતાની રીતે પોતાનું આકલન કરવા લાગી ગયા.જો કે ચુંટણી પંચે લગાવેલ બંધીના કારણે જનાદેશનું ચિત્રીકરણ કરી શકાતું નથી તેથી હવે પક્ષો પોતે પોતાની રીતે કેવા પરિણામો આવી શકે છે તેની તડજોડમાં પડ્યા છે.

ભારતીય જનતા પાર્ટીના બે મોટા ગજાના નેતાઓમાં વડાપ્રધાન મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહે પુરા ઉત્તર પ્રદેશમાં જે રીતે રાજકારણને ધર્મયુધ્ધમાં ફેરવી નાંખીને જનાદેશ પોતાની તરફેણમાં કરવા માટે એડીચોટીનું જોર લગાવ્યુ હતું તે બાદ વડાપ્રધાને જે ખંડિત જનાદેશની વાત કરી ત્યારે એવું લાગી રહ્યુ છે કે ભાજપ ની લોકસભાની માફક વિજયપતાકા લહેરી શકે તેમ નથી.

વડાપ્રધાને સપા અને બસપા પર ઉત્તરપ્રદેશ વિધાનસભા ચુંટણીમાં ખંડિત જનાદેશ લાવવાની રમત રમવાનો આરોપ લગાવતાં કહ્યુ હતું કે આ બંને પક્ષો એવી સ્થિતિ સર્જવાની ફિરાકમાં છે જેથી કોઇને બહુમતી ના મળે.એનો મતલબ એ થાય છે કે ભાજપ બહુમતી મેળવી શકે તેવી સ્થિતિનું નિર્માણ થઇ શક્યું નથી.વડાપ્રધાને ચુંટણી રેલીમાં કહ્યુ હતું કે પ્રદેશ વિધાનસભા ચુંટણીના પ્રથમ ત્રણ તબક્કામાં પોતાની હાર દેખાતાં સપા અને બસપાએ નવો ખેલ શરુ કર્યો હતો કે અમે હારીએ તો ભલે હારીએ,અમારી સીટો ઓછી થાય તો થઇ જાય પણ કોઇને બહુમતી ન મળવી જોઇએ.

ચુંટણીમાં તમામ નીતિ નિયમો નેવે મુકીને સર્વ પ્રકારની નીતીઓ અપનાવાઇ હતી. જેમાં વડાપ્રધાન સહિતના નેતાઓએ ચુંટણી આચાર સંહિતાની ગરિમા જાળવી નહોતી તેવા આક્ષેપો કરવામાં આવ્યા હતા.પરંતુ તેમને તેમ કરતાં રોકી શકવા માટે નખ વગરનો વાઘ ચુંટણી પંચ અસમર્થ હતો. હવે ચુંટણીઓ પતી ગયા બાદ તેનો કોઇ અર્થ રહેતો નથી.

ભાજપા માટે ઉત્તરપ્રદેશની ચુંટણીઓ જીતવી એ વડાપ્રધાનની નીતિઓ સફળ રહી છે કે નિષ્ફળ તેના જવાબ રુપે લેખવામાં આવી રહી હતી. નોટબંધીની અસરો યુપીની ચુંટણીમાં કેટલી વ્યાજબી ઠેરવે છે અને આ નિર્ણયને દેશના નાગરિકોએ સાથ આપ્યો છે કે કેમ તેનો જવાબ રુપે માનવાનો એક હિસ્સો ગણવામાં આવી રહ્યો હતો.એનડીએના શાસનમાં થઇ રહેલા નવા ફેરફારોને જનતાએ સ્વીકાર્યા છે કે નહી તે જાણવાનો પણ આ અવસર હતો.

### જાણવા જેવું !

સોલિડ કાર્બન ડાયોકસાઇડને ડ્રાય આઇસ તરીકે ઓળખવામાં આવે છે.તે જ્યારે વાતાવરણની ગરમીમાં આવે છે ત્યારે તે પીગળતો નથી પરંતુ હવામાં ઉડી જાય છે.

૧૯મી સદીમા ં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઇંચ પહોળા અને ૮ ઇંચ જાડાઇ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઇ પણ ઠેકાણે પડ્યો નથી.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# અમેરિકન હ્યુમન રાઇટ્સ પ્રેકટિસના કન્ટ્રી રીપોર્ટમાં ભારત પર આક્ષેપો : ધાર્મિક સ્વતંત્રતા પર નિયંત્રણોની સમસ્યાઓનો પણ સમાવેશ

અમેરિકાના વિદેશમંત્રાલયના વર્ષ ૨૦૧૬ના હ્યુમન રાઇટ્સ પ્રેકટિસ રિપોર્ટમાં ભારતમાં માનવ અધિકારને લગતી ઢગલાબંધ સમસ્યા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આવી નોધપાત્ર ઘટનાઓમાં વિદેશી ભંડોળથી ચાલતી એનજીઓ પર પ્રતિબંધ,ધાર્મિક સ્વતંત્રતા પર નિયમનો, ભ્રષ્ટાચારનું વ્યાપક દુષણ અને પોલીસ તેમજ સુરક્ષા દળો દ્વારા લોકો સાથે અભદ્ર વર્તનનો સમાવેશ થાય છે. જે એનજીઓની કામગીરી રાષ્ટ્રીય કે જાહેર હિતમાં નથી તેવી પ્રવૃત્તિ પર પ્રતિબંધ મુકવા સરકારે પગલાં લીધા છે. અનેક કિસ્સાઓમાં ગુપ્તતાના અધિકારોનું હનન કરાયું છે.

અમેરિકી પ્રમુખ ટ્રમ્પના શાસન પછી પહેલીવાર રજુ કરાયેલા આ રીપોર્ટમાં એવી નોધ લેવાઈ છે કે લોકોનું લાપતા થઈ જવું , જેલોની ખરાબ સ્થિતિ, કોર્ટોમાં કેસોના ભરાવાને કારણે લોકોને ન્યાય મળવામાં થતો વિલંબ જેવી સમસ્યાઓ છે.પોલીસ કસ્ટડીમાં જ આરોપીઓની હત્યાના કિસ્સા, અત્યાચાર, બળાત્કારની ઘટનાઓનો વ્યાપ વધ્યો છે.અનિયંત્રિત ગુનાખોરી પણ વધી છે. મહિલાઓ,બાળકો ,અનુસુચિત જાતિ અને જનજાતિના લોકો પર અત્યાચાર એ જાતિ,ધર્મને આધારિત સામાજિક હુમલાઓનો વધેલો વ્યાપ જેવી સમસ્યાઓનો ઉકેલ લાવવો અનિવાર્ય હોવાનું યુએસ સંસદમાં રજુ કરાયેલા અહેવાલમાં નોંધવામાં આવ્યું છે. મહિલાઓ અને યુવતીઓ પર બળાત્કાર,ઘરેલું હિંસા, દહેજને લગતાં મૃત્યુ,ઓનર કિલિંગ, જાતીય સતાવણી, મહિલાઓ અને યુવતીઓ પ્રત્યે ભેદભાવ જેવી સામાજિક સમસ્યાઓએ ગંભીર રુપ લીધું છે. બાળકોની જાતીય સતામણી, મહિલા ભ્રુણહત્યા,બાળલગ્નો માટે ફરજ પાડવી, માનવ તસ્કરી,બાળ મજુરી અને વેઠીયા મજુરી, વેશ્યાવૃત્તિ માટે યુવતીઓની તસ્કરીના કિસ્સા વધ્યાની રિપોર્ટમાં નોધ લેવાઈ હતી.

# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઈ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઈ શકો છો,છતાં એમને કોઈ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઈક વળતર મળે એટલો ઉદેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઈએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઈન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઈ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઈપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઈપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઈ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઈ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઈ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઈ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઈપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઈ સ્વાર્થ વિનાનું હોય એ શકય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઈ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઈ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઈ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઈ અધિકાર નથી એવું કોઈએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

**જાણવા જેવું !**

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.

૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

# લઘુમતિઓની પરિભાષા અંગે દેશવ્યાપી ચર્ચા કરવા : ગીરીરાજસિહ ભાજપ કેન્દ્રીય મંત્રીનો અનુરોધ

કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા દેશમાં મુસ્લીમોને લઘુમતીના દાયરામાંથી બહાર લાવવાની વાત કરી ટ્વિટ કરતાં લખ્યું છે કે દેશમાં લઘુમતીઓની પરિભાષા અંગે ચર્ચા થવી જોઈએ.તેમણે કહ્યુ હતું કે મુસ્લીમોની સંખ્યા વધી ગઈ છે, તેમનો લઘુમતિનો દરજ્જો રદ કરવો જોઈએ. તેમણે એમ પણ કહ્યુ હતું કે રિવ્યુ સંશોધન અનુસાર ૨૦૫૦ સુધીમાં દુનિયાભરમાં સૌથી વધુ મુસ્લીમ વસ્તી ભારતમાં હશે. દેશમાં એક જાહેર ચર્ચા શરુ કરવી જોઈએ કે લઘુમતીઓ આખરે કોણ હશે ?

આજે દેશને જરુર છે લઘુમતીની પરિભાષા પર જાહેર ચર્ચાની.સિંહે આ પર ટિપ્પણી સાથે પ્યુ રિસર્ચ સેન્ટરની સંશોધન સબંથિત એક જાણકારીનો સ્કીનશોટ પણ શેર કર્યો છે.આ સંશોધન અનુસાર ૨૦૫૦ સુધીમાં ભારતમાં સૌથી વધારે મુસ્લીમ વસ્તી ધરાવતો દેશ બની જશે.જો કે આ અભ્યાસમાં એ બાબત સ્પષ્ટ કરવામાં આવી છે કે આ સમયગાળા દરમિયાન હિંદુઓની વસતી ઓછી નહીં હોય.

ગિરીરાજ કિશોરે વધુ એક ટ્વિટ કરતાં કહ્યુ હતું કે જો આજે દેશમાં વસ્તી નિયંત્રણ કાનુન નહીં બને તો હિંદુસ્તાનની હાલત ઉત્તર પ્રદેશના કૈરાના જેવી થશે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે બારતના કેટલાક નેતાઓએ દાવો કર્યો હતો કે સાંપ્રદાયિક સંઘર્ષ અને તણાવને કારણે કૈરાનામાં બહુમતી સમુદાયોને મોટી સંખ્યામાં પલાયન કરવું પડ્યું છે.

ગિરીરાજ કિશોરે પીએમ નરેન્દ્ર મોદીના રોડ શો પર સવાલ કરનારાઓને આડે હાથ લેતાં કહ્યુ હતું કે પીએમની રેલી અને રોડ શો પર પ્રશ્ન કરનારા લોકોને રાજનીતીનું જ્ઞાન ઓછું છે.મોદી દેશના પહેલા એવા વડાપ્રધાન છે જે દેશના લોકો સાથે સીધો સંવાદ કરીને તેમની સાથે જોડાઈ રહ્યા છે.બીજેપીના નેતાએ કહ્યુ કે નરેન્દ્ મોદી પહેલા વડાપ્રધાન છે જે જનતા સાથે સીધો સંવાદ કરી રહ્યા છે અને ભારત માટે આ એક સુખદ અવસર છે.

# સૌથી મોટા કેબલ સ્ટેઇડ બ્રિજનું ભરુચ ખાતે વડાપ્રધાને લોકાર્પણ કર્યુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભરુચ ખાતે સૌથી લાંબા અને રુ.૩૭૯કરોડના ખર્ચે બંધાયેલ કેબલ સ્ટેઈજ બ્રિજનું લોકાર્પણ કર્યુ હતું.ભરુચ કેબલ સ્ટેઈજ બ્રિજના ઉદઘાટન પ્રસંગે તેમણે કહ્યુ હતું કે હવેથી મુંબઈથી અમદાવાદ જનારા ટ્રાફિકની સમસ્યા નહીં રહે. આ ઉપરાંત ૮ ધોરી માર્ગને છ લેઈનના નેશનલ હાઈવેમાં તબદીલ કરાતાં અકસ્માતોની સંખ્યા ઘટશે.આર્થિક વિકાસને વેગ મળશે.તેમણે ગુજરાતના ૮ ધોરી માર્ગોને નેશનલ હાઈવેમાંપરિવતીત કરવાની જાહેરાત પણ કરી હતી.રાજ્યના ૧૨૦૦ કી.મી.ના આ ૮ ધોરી માર્ગોને નેશનલ હાઈવેમાં ફેરવવા કેન્દ્ર સરકાર રુ.૧૨ હજાર કરોડ ફાળવશે તેવી ઘોષણા પણ તેમણે કરી હતી.

જો કે ઘણા વખતથી તૈયાર પડેલા આ બ્રીજને વડાપ્રધાન દ્વારા ખુલ્લો મુકાય તેના માટે ખુલ્લો કરાયો નહોતો.હવે આ બ્રીજને કારણે લોકોને રાહત પહોચશે.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.